

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

ગરવી ગુજરાત

Volume : 18
Issue : 057
Dt.: 07-11-2025,
Friday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


# વર્લ્ડ ચેમ્પિયન ટીમ ઈન્ડિયા સાથે વડાપ્રધાન મોદીએ કરી મુલાકાત

## વડાપ્રધાને ત્રણ હાર અને સોશિયલ મીડિયા પર ટ્રોલિંગનો સામનો કર્યા પછી ટુર્નામેન્ટમાં શાનદાર વાપસીની પ્રશંસા કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે તેમના નિવાસસ્થાને વિશ્વ ચેમ્પિયન ભારતીય મહિલા ક્રિકેટ ટીમ સાથે મુલાકાત કરી છે. આ સમારંભ દરમિયાન ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું. હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ટીમે રવિવારે નવી મુંબઈમાં દક્ષિણ આફ્રિકાને ૫૨ રને હરાવીને ICC મહિલા વનડે વર્લ્ડ કપ ૨૦૨૫ જીત્યો હતો. ભારતીય મહિલા ટીમ માટે આ પહેલી ICC ટ્રોફી છે. ટ્રોફી જીત્યા બાદ હરમન બ્રિગેડ મંગળવારે દિલ્હી આવી હતી. બુધવારે સાંજે ટીમ ૭ લોક કલ્યાણ માર્ગ સ્થિત વડાપ્રધાનના નિવાસસ્થાને પહોંચી હતી. ભારતીય ટીમ તેમના સત્તાવાર ઔપચારિક ડ્રેસમાં વડાપ્રધાનના નિવાસસ્થાને પહોંચી. ભારતીય ટીમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક સ્પેશિયલ ભેટ આપી છે. ટીમે સિગ્નેચર કરેલી જર્સી ભેટ તરીકે આપી છે. વડાપ્રધાને ટીમને વિજય બદલ અભિનંદન આપ્યા અને સતત ત્રણ હાર અને સોશિયલ મીડિયા પર ટ્રોલિંગનો સામનો કર્યા પછી ટુર્નામેન્ટમાં શાનદાર વારસીની પ્રશંસા કરી. કેપ્ટન હરમનપ્રીતે ૨૦૧૭માં પ્રધાનમંત્રી સાથેની મુલાકાતને યાદ કરી. જ્યારે હરમનપ્રીત ટ્રોફી વિના તેમને મળી હતી. ભારત ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે હારી ગયું હતું. છદ્વૈં અનુસાર, મુલાકાત દરમિયાન હરમનપ્રીતે વડાપ્રધાનને પૂછ્યું કે, તેઓ હંમેશા વર્તમાનમાં કેવી રીતે જીવે છે. જવાબમાં પીએમ મોદીએ કહ્યું કે, આ તેમના જીવનનો એક ભાગ અને આદત બની ગઈ છે.વડાપ્રધાનએ ૨૦૨૧માં ઈંગ્લેન્ડ સામે હરલીન દેઓલના પ્રખ્યાત કેચને પણ યાદ કર્યો, જેના વિશે તેમણે તે સમયે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. વડાપ્રધાને એ પણ ઉલ્લેખ કર્યો કે, કેવી રીતે હરમનપ્રીતે ફાઈનલ મેચ પછી બોલ ખિસ્સામાં રાખી મુક્યો. કેપ્ટને કહ્યું કે, તે ભાગ્યશાળી હતો કે બોલ તેની પાસે આવ્યો અને તેમણે તેને પોતાની પાસે રાખી લીધો. વડાપ્રધાન મોદીએ અમનજોત કૌરના પ્રખ્યાત કેચની પણ ચર્ચા કરી, જે તેણીએ ઘણી વખત ફમ્બલિંગ કર્યા પછી કેચ કર્યો હતો. અમનજોતે કહ્યું કે, આ એક એવું ફમ્બલિંગ છે, જેને જોવાનું તેમને ખૂબ જ પસંદ છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કેચ કરતી વખતે તમે બોલ જોઈ શકો છો, પરંતુ કેચ પછી તમે ટ્રોફી દેખાઈ રહી હશે. ક્રાંતિ ગૌરે જણાવ્યું કે, તેમનો ભાઈ પ્રધાનમંત્રીનો મોટો ફેન્સ છે, જ્યારબાદ વડાપ્રધાને તરત જ તેમને મળવા માટે ખુલ્લું આમંત્રણ આપ્યું. વડાપ્રધાને તેમને ફિટ ઈન્ડિયાનો સંદેશ આગળ વધારવા વિનંતી કરી, ખાસ કરીને દેશભરની યુવતીઓ માટે. તેમણે મોટાપાની વધતી જતી સમસ્યા પર ચર્ચા કરી અને ફિટ રહેવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે તેમને તેમની શાળાઓની મુલાકાત લેવા અને ત્યાંના યુવાનોને પ્રેરણા આપવા પણ વિનંતી કરી. ઉપ-કપ્તાન સ્મૃતિ મંધાનાએ કહ્યું કે, વડાપ્રધાન મોદીએ તેમને પ્રેરણા આપી છે અને તેઓ દરેક માટે પ્રેરણા છે. તેમણે એ પણ વાત કરી કે આજે યુવતીઓ બધા ક્ષેત્રોમાં કેવી રીતે સારું પ્રદર્શન કરી રહી છે.

ઓલરાઉન્ડર દીપ્તિ શર્માએ કહ્યું કે, તે વડાપ્રધાન સાથે મુલાકાતની આતુરતાથી રાહ જોઈ રહી હતી. તેણીએ ૨૦૧૭માં થયેલી તેમની મુલાકાતને યાદ કરી, જ્યારે વડાપ્રધાને તેણીને કહ્યું હતું કે, સખત મહેનત કરતા રહો અને ત્યારે જ તેણી પોતાના સપનાઓ પૂર્ણ કરી શકશે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, દીપ્તિ શર્માએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર "જય શ્રી રામ" લખ્યું છે અને તેના હાથ પર ભગવાન હનુમાનનું ટેટૂ છે. ઓલરાઉન્ડરે કહ્યું કે, આનાથી તેણીને શક્તિ મળે છે. દીપ્તિએ વર્લ્ડ કપમાં પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટનો એવોર્ડ જીત્યો છે, તેમણે ટુર્નામેન્ટમાં સૌથી વધુ ૨૨ વિકેટો લીધી અને ૨૧૫ રન બનાવ્યા છે.



પ્રિયંકા ગાંધીએ કહ્યું, "ત્રણ વર્ષમાં ૨૭ પુલ પડ્યા"

# જંગલરાજમાં એક પણ પુલ બન્યો નથી: વડાપ્રધાન મોદી

## પીએમ મોદીએ અરરિયામાં રેલી યોજી હતી, જ્યારે પ્રિયંકા ગાંધીએ મોતીહારીમાં એક સભાને સંબોધિત કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગુરુવારે બિહારના અરરિયામાં ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે મહાગઠબંધન પર નિશાન સાધ્યું હતું. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, ૧૫ વર્ષના જંગલ રાજે બિહારને બરબાદ કરી દીધું છે. એક પણ પુલ બન્યો નથી. પીએમ મોદીના હુમલાનો જવાબ આપતા કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધીએ કહ્યું હતું કે, ત્રણ વર્ષમાં બિહારમાં ૨૭ પુલ તૂટી પડ્યા છે.

જણાવી દઈએ કે, પ્રિયંકાએ મોતીહારીમાં ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે આ નિવેદન આપ્યું હતું.

રેલીને સંબોધતા પીએમ મોદીએ કહ્યું હતું કે, "જંગલ રાજ" એ ૧૯૯૦ થી ૨૦૦૫ સુધી બિહાર પર શાસન કર્યું હતું. જંગલ રાજે બિહારને બરબાદ કરી દીધું છે. સરકાર ચલાવવાના નામે, તમને ફક્ત લૂંટવામાં આવ્યા છે. જંગલ રાજ દરમિયાન બિહારમાં કેટલા એક્સપ્રેસવે બનાવવામાં આવ્યા હતા? શૂન્ય.

તેમણે વધુમાં કહ્યું કે, NDA સરકાર હેઠળ, નીતિશ કુમારે બિહારને જંગલ રાજમાંથી બહાર કાઢવા માટે સખત મહેનત કરી છે. ૨૦૧૪ માં ડબલ-એન્જિન સરકાર બન્યા પછી, બિહારના વિકાસને નવી ગતિ મળી છે.

તેમણે કહ્યું કે, પટનામાં IIT, બોધગયામાં IIM, પટણામાં AIIMs ની સ્થાપના કરવામાં આવી છે, અને દરભંગા AIIMs પર કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. બિહારમાં એક રાષ્ટ્રીય કાયદા યુનિવર્સિટી પણ છે.

PM મોદીના હુમલાનો જવાબ આપતા, પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, બિહારમાં ત્રણ વર્ષમાં ૨૭ પુલ તૂટી પડ્યા છે. તેમણે કહ્યું કે, અમે કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો છીએ, જેમને મહાત્મા ગાંધીએ રસ્તો બતાવ્યો હતો. બિહારના લોકોએ આ દેશમાં તેમની ભૂમિકા સમજવી જોઈએ. તમારે સમજવું જોઈએ કે, તમારા પૂર્વજોએ જ આ દેશ બનાવ્યો હતો.

તેમણે કહ્યું કે, જ્યારે અહીં એક પણ રસ્તો નહોતો, ત્યારે તમારા પૂર્વજો વિશાળ બ્રિટિશ સામ્રાજ્ય સામે લડી રહ્યા હતા. જ્યારે મહાત્મા ગાંધીને આ વાતની ખબર પડી, ત્યારે તેમને અહીંથી સત્યાગ્રહ ચળવળ શરૂ કરવાની પ્રેરણા મળી હતી. યુવાનો સતત પરીક્ષા આપે છે, પરંતુ પેપર વારંવાર લીક થાય છે. પરિણામે, તેમના જીવનના ઘણા વર્ષો પરીક્ષાઓ અને નિમણૂકોની રાહ જોવામાં વેડફાય છે.

# ભારતના ટોપ ૧૦ દાનવીરોની યાદીમાં શિવ નાદર ટોપ પર

## દાનનો મોટો હિસ્સો શિવ નાદર ફાઉન્ડેશનના માધ્યમથી શિક્ષણ અને કલા-સંસ્કૃતિના વિકાસ પર કેન્દ્રિત છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં ધનિકોની સંખ્યા અને તેમની નેટવર્થમાં વધારોની સાથે સાથે દાન અને સમાજસેવાની લાગણી પણ સતત વધી રહી છે. એડેલગિવ હુરૂન ઈન્ડિયા પરોપકાર યાદી ૨૦૨૫ અનુસાર, ભારતમાં ટોચના દાનવીરોએ વર્ષ ૨૦૨૫માં કુલ રૂ. ૧૦૩૮૦ કરોડનું દાન કર્યું છે. જેમાં ૧૨ નવા ચહેરા પ્રથમ વખત સામેલ થયા છે. દેશના ટોચના દાનવીરોમાં શિવ નાદર આ વખતે પણ પ્રથમ સ્થાને છે. છેલ્લા ત્રણ વર્ષમાં દેશમાં દાનની રકમમાં ૮૫ ટકાનો વધારો થયો છે. જે ભારતમાં પરોપકારની વધતી સંસ્કૃતિનું પ્રતિબિંબ છે. આ યાદીમાં ટોચના સ્થાને ફરી એકવાર એચસીએલ ટેક્નોલોજીસના ફાઉન્ડર શિવ નાદર એન્ડ ફેમિલી રહી છે. તેમણે ૨૦૨૫માં કુલ રૂ. ૨૭૦૮ કરોડનું દાન કર્યું હતું. તેમનું આ યોગદાન પ્રતિ દિવસ રૂ. ૭.૪ કરોડ સમકક્ષ છે.

આ યાદીમાં ટોચ પર એચસીએલ ટેક્નોલોજીના ફાઉન્ડર શિવ નાદર એન્ડ ફેમિલી રહી છે. તેમણે ૨૦૨૫માં કુલ રૂ. ૨૭૦૮ કરોડનું દાન કર્યું હતું. છેલ્લા પાંચ વર્ષમાં ચોથી વખત તે ભારતના સૌથી ઉદાર દાનવીર બન્યા છે. તેમનું યોગદાન પ્રતિ દિવસ રૂ. ૭.૪ કરોડ સમકક્ષ રહ્યું હતું. જે ગતવર્ષની તુલનાએ ૨૬ ટકા વધુ છે.

ટોપ ૧૦ દાનવીરોની યાદી

૧. શિવ નાદર એન્ડ ફેમિલી

દાનની રકમ: રૂ. ૨૭૦૮ કરોડ

દાનનો મોટો હિસ્સો શિવ નાદર ફાઉન્ડેશનના માધ્યમથી શિક્ષણ અને કલા-સંસ્કૃતિના વિકાસ પર કેન્દ્રિત છે. તેમની દાનની રકમ વાર્ષિક ધોરણે ૨૬ ટકા વધી છે.

૨. મુકેશ અંબાણી

દાનની રકમ: રૂ. ૬૨૬ કરોડ

પરોપકારના ક્ષેત્ર: શિક્ષણ, ગ્રામીણ પરિવર્તન, સ્વાસ્થ્ય, મહિલા સશક્તિકરણ અને હેરિટેજ કન્ઝર્વેશન

૬૮ વર્ષીય અંબાણીનું ફાઉન્ડેશન ભારતમાં સૌથી વધુ સક્રિય સીએસઆર સંસ્થાઓ પૈકી એક છે

૩. બજાજ ફેમિલી

દાનની રકમ: રૂ. ૪૪૬ કરોડ (૨૭ ટકા વૃદ્ધિ)

ગ્રામીણ ભારતમાં સામાજિક-આર્થિક વિકાસની દિશામાં કાર્યરત

૪. કુમાર મંગલમ બિરલા એન્ડ ફેમિલી (આદિત્ય બિરલા ગ્રૂપ)

દાનની રકમ: રૂ. ૪૪૦ કરોડ

દાનની ૨૦ ટકા રકમ પર્સનલ ફંડમાંથી

શિક્ષણ-સ્વાસ્થ્ય, મહિલા સશક્તિકરણ અને રમત ક્ષેત્રે સક્રિય.

૫. ગૌતમ અદાણી એન્ડ ફેમિલી

દાનની રકમ: રૂ. ૩૮૬ કરોડ (૧૭ ટકા વૃદ્ધિ)

શિક્ષણ, કૌશલ્ય વિકાદ્ઘ, સામુદાયિક સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ દાન

# મહાદેવ એપ કૌભાંડના આરોપી રવિ ઉપ્પલને યુએઈએ મુક્ત કરી દીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)યુએઈ

૬૦૦૦ કરોડના મહાદેવ બેટિંગ એપ મની લોન્ડરિંગ કેસનો મુખ્ય આરોપી રવિ ઉપ્પલ દુબઈથી ગાયબ થઈ ગયો છે, જેના કારણે ભારત અને UAE વચ્ચેના સંબંધોમાં તણાવના સંકેત મળ્યા છે. તેમજ ઈદ્ઘની પ્રત્યાર્પણ અરજી પેન્ડિંગ હોવા છતાં, ઉપ્પલની મુક્તિથી ભારતીય એજન્સીઓ આશ્ચર્યચકિત છે. UAEએ તેની મુક્તિ કે નવા ઠેકાણા વિશે ભારતને કોઈ જાણકારી આપી નથી.

ઉપ્પલ મહાદેવ એપના ગેરકાયદેસર સટ્ટાબાજી સિન્ડિકેટનો મુખ્ય સંચાલક હોવાથી તેની ધરપકડ મોટી સફળતા ગણાતી હતી. ED અને CBI જેવી એજન્સીઓ આ મામલાની તપાસ કરી રહી છે, જેમાં કથિત રીતે ૫૦૦ કરોડથી વધુની લાંચ પૂર્વ છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ સાથે જોડાયેલી હોવાનો પણ ખુલાસો થયો હતો.

મીડિયા અહેવાલો અનુસાર, ડિસેમ્બર ૨૦૨૩માં ઈન્ટરપોલના રેડ કોર્નર નોટિસને પગલે દુબઈ પોલીસે રવિ ઉપ્પલની ધરપકડ કરી હતી.

# કેન્દ્રમાં અમારી સરકાર બની તો બિહારને મળશે દેશનું સૌથી મોટું વિશ્વવિદ્યાલય: કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનું વચન

## સ્વાસ્થ્ય સેવા પર દુ:ખ વ્યક્ત કરતા કહ્યું કે બિહારમાં આજે લોકો જીવવા માટે નહીં પણ મરવા માટે હૉસ્પિટલમાં જાય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

કોંગ્રેસ નેતા અને લોકસભાના નેતા રાહુલ ગાંધી પૂર્ણિયાના કસબા વિધાનસભા વિસ્તારમાં આયોજિત એક વિશાળ જનસભાને સંબોધિત કરતી વખતે બિહારની પરિસ્થિતિને લઈને નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. રાહુલ ગાંધીએ રાજ્યમાં શિક્ષણ અને સ્વાસ્થ્ય પર સવાલ ઉઠાવવાની સાથે-સાથે મહાગઠબંધન માટે કેન્દ્ર અને રાજ્યમાં નિર્ણાયક જીત થશે. રાહુલ ગાંધીએ વચન આપ્યું કે, કેન્દ્રમાં અમારી સરકાર બની તો બિહારને મળશે દેશનું સૌથી મોટું વિશ્વવિદ્યાલય બનશે. આ દરમિયાન જનસભામાં કસબા વિધાનસભા વિસ્તારમાં મહાગઠબંધનના ઉમેદવાર મોહમ્મદ ઈરફાન આલમ સ્ટેજ પર જ રડી પડતાં રાહુલ ગાંધી આગળ આવીને તેમને દિલાસો આપ્યો હતો.

રાહુલે કહ્યું કે, જ્યારે હું અહીંયા આવ્યો તો ઈરફાન આલમ રડી રહ્યા હતા. તમે ફક્ત એક ધારાસભ્યના પુત્ર નથી, પણ એક પોસ્ટમેનના પુત્ર પણ છો. અમને તમારા સંઘર્ષ પર ગર્વ છે. આ ચૂંટણી તમારી નથી, પરંતુ બિહારના દરેક યુવાનો અને દરેક ગરીબ વ્યક્તિની ચૂંટણી છે. લોકો આ વખતે તમને ધારાસભ્ય બનાવી રહ્યા છે. રાહુલે ઈરફાન આલમ દ્વારા સામાન્ય લોકોના સંઘર્ષ અને સાદગીનું સન્માન કરવાનો પ્રયાસ કર્યો, જેનાથી સ્થાનિક લોકો સાથે ભાવનાત્મક જોડાણ બન્યું છે. રાહુલે બિહારની મૂળભૂત સમસ્યાઓ પર સીધા પ્રહાર કર્યા અને જો ઈન્ડિયા ગઠબંધન સરકાર બનાશે તો મોટા સુધારાઓનું વચન આપ્યું છે. સભાને સંબોધિત કરતી વખતે, રાહુલે પૂર્ણિયા સદરથી મહાગઠબંધનના સમર્પિત કોંગ્રેસ ઉમેદવાર જીતેન્દ્ર કુમાર અને કસબાથી ઈરફાન આલમ માટે મત માગ્યા. રાહુલે બિહારમાં સ્વાસ્થ્ય સેવાની પરિસ્થિતિ પર દુ:ખ વ્યક્ત કર્યું હતું. તેમણે કહ્યું કે, બિહારમાં આજે લોકો જીવવા માટે નહીં પણ મરવા માટે હૉસ્પિટલમાં જાય છે. દિલ્હીમાં કરેલા આરોપોને લઈને રાહુલે ભાજપ પર લોકશાહીને તોડી પાડવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, વર્તમાન સરકાર બંધારણ પર આક્રમણ કરી રહી છે અને મત ચોરી કરીને ચૂંટણી જીતવાનું કાવતરું ઘડી રહી છે. તેમણે કેન્દ્ર સરકાર અને નીતિશ કુમાર પર જોરદાર નિશાન સાધતાં કહ્યું કે, નીતિશ કુમાર ૨૦ વર્ષથી બિહારના મુખ્યમંત્રી છે, પરંતુ તેમણે બિહારના યુવાનોને મજૂર બનાવી દીધા છે. બિહારમાં ઉદ્યોગ માટે જમીન નથી, પરંતુ સરકાર પાસે અદાણી માટે જમીન છે. હરિયાણાની ચૂંટણી મત ચોરીથી જીતી હતી. હરિયાણાની મતદાર યાદીમાં બે બૂથ પર ૨૦૦ વખત એક મહિલાનો ચહેરો બતાવવામાં આવ્યો હતો.

માંડ માંડ બચ્યા CPM નેતા સત્યેન્દ્ર યાદવ

# બિહારમાં મતદાન વચ્ચે INDIA ગઠબંધનના ધારાસભ્ય પર હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહારમાં ગુરૂવારે પ્રથમ તબક્કાનું મતદાન થયું હતું. આ વચ્ચે છાપરાથી મોટા સમાચાર સામે આવ્યા હતા. CPM ધારાસભ્ય અને માંઝી વિધાનસભા મતવિસ્તારના ઉમેદવાર ડૉ. સત્યેન્દ્ર યાદવની કાર પર હુમલો કરવામાં આવ્યો હતો. અહેવાલો અનુસાર, આ હુમલો બનવાર અને જૈતપુર વિસ્તારમાં થયો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આ એક જીવલેણ હુમલો હતો. જોકે, સદનસીબે, ધારાસભ્યને કોઈ નુકસાન થયું નથી. જોકે, સ્કોર્પિયો ગાડીના કાચ તોડી નાખવામાં આવ્યા હતા.

ઘટનાની માહિતી મળતાં, પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. વિસ્તારમાં વધારાની સુરક્ષા તૈનાત કરવામાં આવી છે અને હુમલાખોરોની શોધ શરૂ કરવામાં આવી છે. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર, ઘટના દરમિયાન હોબાળો મચી ગયો હતો. વહીવટીતંત્ર હાલમાં આ મામલાની તપાસ કરી રહ્યું છે અને આવી ઘટના ફરી ન બને તે માટે સુરક્ષા કડક કરવામાં આવી હતી. જણાવી દઈએ કે, બિહાર ચૂંટણીમાં બે મહિલાઓ દાવો કરે છે કે, તેમને મતદાન કરતા અટકાવવામાં આવ્યા હતા. મતદાન મથક પર મતદાન કરવા પહોંચેલી શ્રેયા મહેતાએ કહ્યું કે, BLO એ તેમને કાપલી આપી ન હતી અને તેને ઓનલાઈન ડાઉનલોડ કરવાનું કહેવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે, "મારું નામ મતદાર યાદીમાં ૧૭મા નંબર પર છે, પરંતુ જ્યારે હું મતદાન કરવા પહોંચી, ત્યારે તેઓએ મને મારી કાપલી લાવવાનું કહ્યું હતું. મેં મારું મતદાર ઓળખપત્ર બતાવ્યું હતું. હું સવારે ૬:૩૦ વાગ્યાથી લાઈનમાં છું અને હવે જઈ રહી છું, હવે હું મતદાન નહીં કરું." અન્ય એક મહિલા અનુપમા શર્માએ જણાવ્યું હતું કે, તેમને પણ મતદાન કરવા દેવામાં આવ્યું નથી.




# તંત્રી લેખ......

## લોકશાહીનો ભ્રમ: 'લોકોનું શાસન' વિરુદ્ધ 'લોકો પર શાસન'

બિહારમાં ફરી એકવાર વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે. જનતા લોકશાહીના આ પર્વને ખૂબ જ ઉત્સાહથી ઉજવી રહી હોય તેવું લાગે છે. પછી ભલે તે રસ્તાઓ પર પોસ્ટરોની ભરમાર હોય, ટીવી પર જાહેરાતોનો વરસાદ હોય કે સોશિયલ મીડિયા પર ચર્ચાઓ હોય, બધું જ ચૂંટણી લોકશાહીના આ ભવ્ય પર્વ તરફ ઈશારો કરે છે. પરંતુ પ્રશ્ન એ છે કે: શું આ ખરેખર લોકશાહીનો ઉત્સવ છે કે લોકશાહીના નામે એક ભવ્ય ભ્રમ? શું તે જાહેર અભિપ્રાયનું સાચું પ્રતિબિંબ છે કે જાહેર અભિપ્રાયને આકાર આપવા અને તેને નિયંત્રિત કરવા માટે એક સંગઠિત વ્યવસ્થા છે?

લોકશાહીને લોકોનું શાસન કહેવામાં આવે છે. તેની સૌથી મહત્વપૂર્ણ શરત એ છે કે દરેક નાગરિક ચૂંટણી લડી શકે, દરેક વ્યક્તિ સરકારમાં ભાગ લઈ શકે અને પોતાની પસંદગીના પ્રતિનિધિઓ પસંદ કરી શકે. પરંતુ આજના સમયમાં જ્યારે આપણે આની ઊંડાણપૂર્વક તપાસ કરીએ છીએ, ત્યારે આપણને જાણવા મળે છે કે આ સ્વતંત્રતા ફક્ત ઔપચારિકતા બની ગઈ છે. જનતા પાસે વિકલ્પો છે, પરંતુ તે વિકલ્પો ફક્ત ઉપરછલ્લા છે. રાજકીય પક્ષોની લાંબી યાદી અને ઉમેદવારોની ભીડ ચોક્કસપણે આપણને ભ્રમ આપે છે કે આપણી પાસે ઘણા વિકલ્પો છે, પરંતુ વાસ્તવમાં, કોઈ રાજકીય પક્ષ કે ઉમેદવાર એવો નથી જે ખરેખર મૂળભૂત કે માળખાકીય પરિવર્તન લાવી શકે. એક અર્થમાં, આજની ચૂંટણીઓ લોકશાહીનું નહીં પણ 'રાજકીય બજાર'નું પ્રતીક બની ગઈ છે. આ બજારમાં, રાજકીય પક્ષો ઉત્પાદનો વેચતી કંપનીઓ જેવા છે, અને મતદારો ગ્રાહકો છે. અહીં, દરેક રાજકીય પક્ષ પોતાના મેનિફેસ્ટો, જાહેરાત અને જનસંપર્ક અભિયાનો દ્વારા પોતાને "વધુ સારા બ્રાન્ડ" તરીકે રજૂ કરી રહ્યો હોય તેવું લાગે છે. જેમ બજારમાં મોટાભાગના ઉત્પાદનો લગભગ સમાન હોય છે, પરંતુ તેમનું પેકેજિંગ અને માર્કેટિંગ તેમને અલગ પાડે છે, તેવી જ રીતે, રાજકીય પક્ષોની નીતિઓ સમાન હોઈ શકે છે, પરંતુ તેમની પ્રચાર શૈલીઓ તેમને અલગ અને નવા તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરે છે. અહીં, ચૂંટણીના "અમેરિકનીકરણ" ના ભાગ રૂપે, તે વ્યક્તિત્વ-કેન્દ્રિત બની ગયું છે. જનસંપર્ક એજન્સીઓ, ડેટા એનાલિટિક્સ, માઈક્રો-ટાર્ગેટિંગ અને જાહેરાત ઝુંબેશોએ લોકશાહી ચર્ચાનું સ્થાન લીધું છે. હવે, જનતા નીતિઓ પર નહીં, ચહેરા પર મત આપે છે.

## ગુજરાતના ખેડુતોની દેવુ કરીને ઘી પીવા જેવી હાલત: ૧.૪૪ લાખ કરોડના દેવાદાર: માવઠાથી ખરાબ હાલત

પ્રતિનિધિ,ગાંધીનગર

ખેડુતો માટે કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર નવી નવી યોજનાઓ લોન્ચ કરી રહી છે અને તેમની આવક બમણી કરવાના પ્રયાસો કરી રહી છે. જો કે પરીસ્થિતિ તદ્દન વિપરીત છે ખેડુતોની આવક તો બમણી થવાનુ દુર રહ્યુ તેમના પરનુ જે દેવુ છે તેની રકમ હવે બમણી થવા લાગી છે. સરકારના પ્રયાસો છતાં ખેડુતોની આવક ડબલ થવાને બદલે ગુજરાતમાં ખેડુતોનુ દેવુ ડબલ થઈ રહ્યુ છે. ગુજરાતમાં ખેડુતો આર્થિક રીતે બેહાલ થયા છે કારણ કે હવે ખેતી કરવી મોંઘી બની રહી છે.

ગુજરાતના ખેડુતો પાક ધિરાણ માફ કરવાની બુમરાણ પાડી રહ્યા છે, સરકાર ઐતિહાસિક રાહત પેકેજ જાહેર કરવાના મુડમાં છે, દેશના સમૃધ્ધ રાજયોમાં ગુજરાત મોખરાનુ સ્થાન ધરાવે છે, ગુજરાતના ખેડુતો અધધ પ્રગતિ કરી રહ્યા છે પણ વાસ્તવિકતા એ પણ છે કે ખેડુતો દેવાદાર છે, ખેડુતો વ્યાજચક્રની જાળમાં ફસાયેલા છે, ગુજરાતના ખેડુતો પર ૧.૪૪ લાખ કરોડનુ બેંકનુ દેવુ છે. કમોસમી વરસાદને પગલે ખેડુતોની મેઈન સીઝન ફેલ જતા આ દેવામાં વધારો થાય તેવી પુરી સંભાવના છે. રાજયમાં બે ખેડુતોએ આત્મહત્યા કરી લીધી છે અને સરકાર ખેડુતો મામલે સંવેદનશીલ હોવાનુ જણાવી રહી છે.

ભલે ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર વિકાસની વાતો કરે પણ કેન્દ્ર ની મોદી સરકાર એમને ઉઘાડા પાડવામાં જરા પણ કચાશ રાખતી નથી. તેમને યાદ હોય તો લોકસભામાં ૩ ફેબ્રુઆરીએ નાણાં મંત્રાલય દ્વારા એક સવાલના જવાબમાં ગુજરાત સહિત વિવિધ રાજયમાં ખેડુતો પરના દેવાની માહિતી આપવામાં આવી હતી. જેમાં ઉલ્લેખ કરાયેલા આંકડાઓ સાંભળશો તો તમને ચકકર આવી જશે. ગુજરાતના ખેડુતો ઉપર સહકારી, ક્ષેત્રીય ગ્રામીણ બેંક અને કોમર્સીયલ બેંક સહિતનુ કુલ ૧.૪૪ લાખ કરોડ જેટલુ દેવુ છે.

ત્રણેય પ્રકારની બેંકમાં કુલ ૫૫.૭૭ લાખ જેટલા ખાતામાં ખેડુતોને આ ધીરાણ અપાયેલુ છે અનેક રાજયના ખેડુતો ઉપર ગુજરાત કરતા દેવાનુ ભારણ ઓછુ હોવાનુ આંકડા દર્શાવી રહ્યા છે. રાજયમાં ખેડુતો માટે દેવુ કરીને ઘી પીવા જેવી હાલત છે. સરકાર ભલે મસમોટી વાતો કરે પણ વાસ્તવિકતા એ છે કે રાહત પેકેજ કોઈ રાહત નહી આપી શકે.

આંકડા કહે છે કે ૬ વરસમાં ૭.૬૫ લાખ દેવાદાર ખેડુતો વધ્યા છે , તેમાં પણ નાના ખેડુતો પર મોટો બોજો છે. ૪૦ ટકા દેવુ નાના ખેડુતો પર છે, વર્ષ ૨૦૨૦ માં દેવાની રકમ ૯૦૫૧૩ લાખ કરોડ હતી, જે વર્ષ ૨૦૨૨ માં ૧,૦૬,૪૩૫ કરોડ રૂપીયા થઈ, વર્ષ ૨૦૨૩ માં આંકડો ૧,૨૦,૦૨૩ કરોડ રૂપીયા થયો, વર્ષ ૨૦૨૪ માં આંકડો ૧,૩૬,૨૩૭ કરોડ થયો, અને વર્ષ ૨૦૨૫ માં ૧,૪૬, ૪૬૩ કરોડ થયો જે બતાવે છે કે ગુજરાતના લાખો ખેડુતો દેવા તળે દબાયેલા છે.

સંસદમાં રજુ થયેલા આંકડાઓ પર નજર કરીએ તો ગુજરાતમાં કોર્મશીયલ બેંકોમાં ૩૮.૪૦ લાખ ખાતાના ખેડુતો પર ૧,૧૧,૪૫૯ કરોડ, સહકારી બેંકોમાં ૧૨.૦૯ લાખ ખાતાના ખેડુતો પર ૨૨૫૪૬ કરોડ અને ૫.૨૮ લાખ ખાતાના ખેડુતો પર ૧૦,૬૦૯ કરોડ રૂપીયાનુ દેવુ બાકી છે. કુલ મળીને ૫૫.૭૭ લાખ ખાતાનુ ૧,૪૪,૬૧૪ કરોડ રૂપીયા છે. ગુજરાત સરકાર ભલે રાહત પેકેજ અને સંવેદનશીલ સરકાર હોવાની વાતો કરે પણ ગુજરાતના ખેડુતો દેવાની ગર્તા માં ધકેલાયા છે. જે મામલે સરકાર કોઈ પગલા ભરી ન રહી હોવાનો બળાપો ખેડુતો ઠાલવી રહ્યા છે. ખેડુતોના લીધે જ દેશમાં ધાન પાકે છે જેનાથી લોકોને પેટ ભરાય છે. પરંતુ આ પાક કે ઉપજના જો પુરતા ભાવ ન મળે તો ખેડુત કેવી રીતે સમૃધ્ધ બને, ખાતર, જંતુનાશક દવા થી માંડીને ખેત મજુરીના ભાવો વધ્યા છે. સીઝનમાં અથાગ મહેનત કર્યા પછી પણ જે પાક ઉત્પાદન થાય તે બજાર કે એપીએમસીમાં પહોચે ત્યારે ખેડુતોને પુરતા ભાવ મળતા નથી. ગુજરાતમાં ખેડુતોની આવક વધારવા માટે સરકારે અનેક કૃષિ લક્ષી યોજનાઓ બનાવી છે છતાં હજુ ખેડુતોની આર્થિક સ્થિતિમાં સુધારો થયો નથી. યોજનાઓથી ગુજરાતના ખેડુતોની આવક વધી હોવાનો સરકારનો દાવો છે પરંતુ હકીકત એ છે કે ગુજરાતના ખેડુતો દેવાદાર બની રહ્યા છે. ખેડુતોની આવક બમણી થશે તેવી વાતો વચ્ચે બેંકોમાં ખેડુતો લોન લેવા મજબુર બન્યા છે. હવે ખેડુતો માટે ખેતી કરવી મોંઘી પડી રહી છે.

# સાર્ધ શતાબ્દી વર્ષ નિમિત્તે વંદે માતરમ્ ના જયઘોષ થકી ગરિમામય ભારત ભૂમિને કોટી કોટી વંદન...



- ભૂપેન્દ્રભાઈ પટેલ
લેખક
ગુજરાતના મુખ્યમંત્રી


આપણે દેશભક્તિના અભૂતપૂર્વ સમયમાં જીવી રહ્યા છીએ. આઝાદી પહેલાં જે દેશભક્તિનો માહોલ હતો એવો દેશભક્તિનો માહોલ આપણા દેશભક્ત વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ દ્વારા શરૂ કરાયેલ 'આત્મનિર્ભર ભારત'અને 'રાષ્ટ્ર પ્રથમ' જેવા નૂતન અભિયાનની પ્રેરણાથી સર્જાઈ રહ્યો છે. આજે વધુ એક દેશભક્તિનું સ્મરણપર્વ ઉજવવાની ઘડી છે. ઈ.સ. ૧૮૭૫માં લખાયેલું આપણું વંદે માતરમ્ ગીત ૧૫૦ વર્ષ પૂરા કરી રહ્યું છે. આ ગીત બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયજી દ્વારા આનંદમઠ નવલકથામાં પહેલીવાર પ્રકાશિત થયું હતું, પણ આ ગીતે દેશની ચેતનાને જગાવી એના આ સુદીર્ઘ ગાયનકાળમાં જાણે કે રાષ્ટ્રભક્તિના પ્રાણવાયુ જેવી ઊર્જા ઉત્પન્ન કરી.

આ ગીતમાં રહેલી ઉદાત્ત દેશભક્તિ અને ઊર્જા સમગ્ર સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોમવંતી બની રહી. ઈતિહાસકારોનું માનવું છે કે, સ્વાતંત્ર્ય સંગ્રામ હોય કે સ્વદેશી ચળવળ હોય, કે પછી સત્યાગ્રહની તૈયારીઓ હોય, વંદે માતરમ્ ગવાય એટલે દેશભક્તિનું ઊર્જાવાન વાતાવરણ રચાઈ જતું. આઝાદીની ચળવળ દરમિયાન પણ અનેક નેતાઓ આ ગીતની એક એક પંક્તિને ચરિતાર્થ કરવા માટે પોતાનું જીવન ખપાવી રહ્યા હતા. મહર્ષિ અરવિંદ હોય કે ભગતસિંહ, સૌ દેશભક્તો આ ગીતના ગુંજનમાં પોતાના જીવનની સાર્થકતા જોતા હતા.

આ રાષ્ટ્રીય ગીતની મહાનતા એ છે કે, એ આજે પણ એટલું જ પ્રસ્તુત અને તાજગીભર્યું છે. આધુનિક યુગના લોકનાયક આપણા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે કોઈ સભાને સંબોધવાના હોય ત્યારે શરૂઆતમાં વંદે માતરમ્ નો જયઘોષ કરાવે , ત્યારે જાણે કે સમગ્ર સભામાં દેશભક્તિનું એક મોજું ફરી વળે છે.

આ ગીત ભારતીયતાની ભાવનાને રજૂ કરે છે, આ દેશની સુજલામ્ સુફલામ્ ધરતી અને ભારત માતા પ્રત્યેની ભક્તિ દરેક શબ્દમાંથી નીતરે છે. જ્યારે વંદે માતરમ્ ગીત સાંભળીએ ત્યારે માતૃભક્તિનો અને ભારત માતાની આરાધના કરતા હોઈએ એવો ભાવ ઊભો થાય છે. આ ગીતનાં શૌર્ય અને પરાક્રમથી રોમ રોમ જાગી ઊઠે છે.

આપણું સદ્ નસીબ છે કે દેશનું સુકાન જ્યારથી નરેન્દ્રભાઈ મોદીએ સંભાળ્યું છે, ત્યારથી જાણે કે આ વંદે માતરમ્ ગીતના શબ્દો પુનઃ જાગૃત થઈ ગયા છે. સૌ કોઈને લાગે છે કે આ ગીતમાં રહેલી દેશભક્તિને આદરણીય નરેન્દ્રભાઈએ જાણે મૂર્તિમંત કરી છે, એક ગીતના શબ્દોને રાષ્ટ્રના જીવનમાં કેવી રીતે ઉતારી શકાય એ માટેની પ્રેરણા અને પરિશ્રમ




આજે પરિણામો આપી રહ્યા છે. આઝાદીની લડાઈમાં એ વખતે 'આનંદમઠ' નવલકથામાં સંન્યાસીઓના સંઘર્ષની વાત આવતી હતી, આજે નરેન્દ્રભાઈની તપશ્ચર્યા અને ત્યાગ આ ગીતના શબ્દોને જાણે ચરિતાર્થ કરી રહ્યા છે. એ દિવસ યાદ કરો, જ્યારે કાશ્મીરના લાલ ચોકથી નરેન્દ્રભાઈએ 'ત્વં હિ દુર્ગા..'નો ભાવ સમગ્ર દેશમાં જગાવેલો.

મા ભારતીને ખરા હૃદયથી વંદન એટલે 'વંદે માતરમ્'. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયજી દ્વારા રચિત આ ગીત સ્વાતંત્ર્ય સંગ્રામમાં રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્રપ્રેમના ઉદ્ ઘોષ સમું બન્યું હતું. આ ગીતનો પ્રત્યેક શબ્દ અને પ્રત્યેક શબ્દમાંથી વ્યક્ત થતા પ્રત્યેક તેજબિંદુએ સ્વાતંત્ર્ય સેનાનીઓમાં બ્રિટીશ સામ્રાજ્યને જડમૂળથી ઉખાડી ફેંકવા માટે ઉદ્દીપકનું કાર્ય કર્યું હતું. ઈ.સ. ૧૮૭૫માં લખાયેલા આ ગીતને આ વર્ષે ૧૫૦ વર્ષ પૂરા થઈ રહ્યાં છે, ત્યારે એક વાત ચોક્કસ છે કે, આ માત્ર એક ગીત નથી, માત્ર શબ્દોથી રચિત કોઈ ગાન નથી, પરંતુ 'વંદે માતરમ્' સાચા અર્થમાં ભારત માતાને વંદન છે, નમન છે.

વંદે માતરમ્ ગીતની સાર્ધ શતાબ્દી નિમિત્તે ૭ કરોડ ગુજરાતીઓ વતી હું પણ આ ગીતને વંદન કરી મા ભારતી માટેની કૃતજ્ઞતા અને અહોભાવ વ્યક્ત કરું છું. વંદે માતરમ્ ના ૧૫૦મા વર્ષને એક વિશેષ વર્ષ તરીકે ઉજવવાનું 'વિઝન' આપનાર ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વ્યક્તિત્વમાં આ ગીત અસ્ખલિત રીતે વ્યક્ત થાય છે.

મોદીજી દ્વારા આપવામાં આવેલ વંદે માતરમ્ ગીતના ૧૫૦મા વર્ષની ઉજવણીના કાર્યક્રમ થકી મા ભારતીના સંતાનોનું કલ્યાણ થાય, તેઓ ગર્વથી માથું ઊંચું કરી ગૌરવભેર જીવન જીવી શકે તે ભાવના નિહિત છે.

આઝાદ ભારતના ઈતિહાસમાં આપણને એવું નેતૃત્વ ભાગ્યે જ જોવા મળશે કે, જેમણે પોતાના પ્રત્યેક કાર્ય અને શ્વાસને રાષ્ટ્ર માટે સમર્પિત કર્યા હોય અને એ કહેતાં મને ગર્વની લાગણી અનુભવાય છે કે, આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમાં પ્રથમ હરોળમાં સ્થાન ધરાવે છે. મોદીજીના દરેક કાર્યમાં 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવના અગ્રીમ રહી છે. મહાન ક્રાંતિવીર 'શ્યામજી કૃષ્ણ વર્મા'ને સાચા અર્થમાં સ્મરણાંજલિ આપવા માટે માંડવી ખાતે ક્રાંતિતીર્થની સ્થાપના હોય કે, પછી બલિદાનના પર્યાય એવા 'ભૂચર મોરી'ના મહત્વને ઉજાગર કરવાનું હોય, સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિવાસીઓના મહાન બલિદાનના ઉદાહરણરૂપ એવા "ભગવાન બિરસા મુંડા"ના મહત્વને દુનિયા સમક્ષ લાવવાની વાત હોય કે, પછી રાષ્ટ્રીય એકતાના પર્યાય એવા સરદાર વલ્લભભાઈ પટેલને 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' અને 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે સ્મરણાંજલિ આપવાની વાત હોય, મોદીજીના દરેક કાર્યમાં આપણને માત્ર એક જ ભાવ અનુભવાય છે અને તે છે 'વંદે માતરમ્'

આ વંદે માતરમ ગીતનો જાણે કે યથાર્થ મહિમા કરતા હોય એમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજનીતિને એક નવો વળાંક આપ્યો, વિકાસનો નવમાર્ગ ચીંધ્યો. મોદીજી ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારે પંચશક્તિની વાત કરી, જળ વ્યવસ્થાપનની વાત કરી કારણ કે વંદે માતરમ્માંથી એમને પ્રેરણા મળી હતી કે આ ધરતી સશ્યશ્યામલા ઉર્વરક ભૂમિ છે. એમણે વડાપ્રધાન બનીને પણ કન્યા કેળવણી અને સમગ્ર શિક્ષાને એક નવી દિશા મળે એ માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડી, કારણ કે મોદી સાહેબ આખી જિંદગી ગાતા રહ્યા, 'વાણી વિદ્યાદાયિની, નમામિ ત્વામ્, અમલામ્ અતુલામ્પ આ શબ્દોમાં રહેલી અપાર શક્તિથી કન્યા કેળવણીની શરૂ થયેલી યાત્રા ચંદ્ર ઉપર શિવશક્તિના પોઈન્ટની પ્રસ્તાવના સુધી પ્રસરેલી છે. આપણે જોઈ શકીએ કે, રાત-દિવસ દેશ માટે મહેનત કરતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ આ વંદે માતરમ્ના ગીતને જાણે કે જીવી રહ્યા છે, 'ત્વં હિ પ્રાણા શરીરેપ' એમ એમ કહેતા કહેતા જાણે કે પ્રત્યેક શ્વાસ રાષ્ટ્ર માટે સમર્પિત કરવાની ભાવનાનું એક ઉત્તમ આદર્શ જીવન જીવીને સૌ કોઈ દેશવાસીઓને પ્રેરણા આપી રહ્યા છે. જ્યારે શૌર્ય બતાવવાનું આવ્યું, તો કાયર દુશ્મનોને 'ઑપરેશન સિંદૂર' દ્વારા દર્શાવી દીધું કે, આ રાષ્ટ્ર અમારી માતા છે અને અમે અને વર્ષોથી 'બહુબલધારિણીમ્ રિપુદલવારિણીમ્' એમ કહીને સંબોધી છે. આ દેશભક્તિ એ જ આ ગીતની પ્રાણ શક્તિ છે અને એને આપણને જાણે કે દસે દિશાઓમાંથી ઊર્જા આપી છે..

આજે જે માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વ હેઠળ વિકાસની નવી ઊંચાઈઓ પ્રાપ્ત થઈ રહી છે, તેમાં સૌ કોઈને એવી આતુરતા છે, એવી ખેવના છે કે આપણી ભારત માતા સુખદા અને વરદા બને. એટલા માટે ભારતને વિકસિત બનાવવા માટે જાણે કે એક દીર્ઘદૃષ્ટા વડાપ્રધાન આપણને મળ્યા છે. આ ગીતના શબ્દોને વ્યક્ત સ્વરૂપ આપીને તેઓ એક નવા યુગનું સર્જન કરી રહ્યા છે.

જગતજનની અને આપણી ભારત માતા આપણને એવી શક્તિ બક્ષે જેનાથી ૨૦૪૭માં જ્યારે ભારતની આઝાદીના ૧૦૦ વર્ષ પૂરા થાય, ત્યારે નરેન્દ્રભાઈ આપણને બોલાવે છે એ જ ખુમારીથી અને ગૌરવથી આપણે વિશ્વ સમક્ષ જય ઘોષ કરી શકીએ, અને ગાઈ શકીએ, 'વંદે માતરમ્

## રાષ્ટ્રગીત વંદે માતરમ્ના ૧૫૦ વરસની ઉજવણી નિમિત્તે સરકારી કચેરીઓનો સમય બદલાયો



પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતના રાષ્ટ્રગીત વંદે માતરમના ના નિર્માણને ૧૫૦ વરસ પુર્ણ થવા નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ આજે તા.૭ નવેમ્બર ના રોજ રાષ્ટ્રવ્યાપી ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે.

ગુજરાતમાં પણ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાષ્ટ્રગીત વંદે માતરમ ૧૫૦ મી ઉજવણી ઉલ્લાસભેર કરવામાં આવશે તેવુ સામાન્ય વહિવટ વિભાગની યાદીમાં જણાવાયુ છે.

ઉજવણીના ભાગરૂપે આજે સમગ્ર રાજયની તમામ સરકારી કચેરીઓ તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓનો સમય સવારના ૧૦:૩૦ થી સાંજે ૬:૧૦ ને બદલે સવારના ૯:૩૦ થી સાંજે ૫:૧૦ સુધીનો રહેશે.

આજે સવારે ૯:૩૦ કલાકે તમામ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહીને વંદે માતરમ રાષ્ટ્રગીતનુ સામુહિક ગાન કરવાનુ રહેશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સચિવાલય, વિધાનસભા પરીસર ખાતે તેમજ પ્રભારી મંત્રીની ઉપસ્થિતિમાં જિલ્લાના મુખ્યમથક, જિલ્લા પંચાયત પ્રમુખની ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયત તથા મેયરની ઉપસ્થિતિમાં મહાનગરપાલિકાઓ, જિલ્લા પોલીસવડાની ઉપસ્થિતિમાં જિલ્લા પોલીસવડાની કચેરી તથા નગરપાલિકા પ્રમુખની ઉપસ્થિતિમાં તમામ નગરપાલિકાઓ ખાતે રાષ્ટ્રગીત વંદે માતરમના મુળ સ્વરૂપનુ સમુહગાન કરવામાં આવશે તથા રાષ્ટ્રગીતના સમુહગાન બાદ સ્વદેશીની શપથ લેવાની રહેશે તેવુ જણાવાયુ છે. સ્વદેશી પથમાં હું ભારતમાતાની સેવા અને સન્માન માટે આ સંકલ્પ લઉ છુ કે મારા રોજીંદા જીવનમાં વધુમાં વધુ ભારતીય વસ્તુઓનો ઉપયોગ કરીશ અને આયાતી વસ્તુઓને બદલે વૈકલ્પિક એવી સ્વદેશી વસ્તુઓને જ અપનાવીશ, ઘર, કાર્ય સ્થળ અને સમાજમાં ભારતીય વસ્તુઓને પ્રાથમિકતા આપીશ, ગામ, ખેડુત તથા કારીગરોનુ સમર્થન કરી સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપીશ, યુવાનો અને બાળકોને સ્વદેશી અપનાવવા માટે પ્રેરણા આપીને નવી પેઢી સુધી તેનુ મહત્વ પહોચાડવા પ્રયાસરત રહીશ, પારીવારીક અને સામાજિક જીવનમાં ભારતીય ભાષાઓનો પ્રયોગ કરીશ, પર્યાવરણ પ્રત્યે સજાગ રહીને સ્વદેશી અને પ્રકૃતિને અનુકુળ તેવા ઉત્પાદનોનો ઉપયોગ કરીશ અને દેશના પર્યટન સ્થળોને પ્રાથમિકતા આપીશ.

### કરોડોની સંપત્તિ જપ્ત કરવામાં આવી

## સુરેશ રૈના અને શિખર ધવન પર EDની મોટી કાર્યવાહી

### ED એ આ બંનેની કુલ ૧૧.૧૪ કરોડની સંપત્તિ જપ્ત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઓનલાઈન સટ્ટાબાજી એપ્લિકેશન કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ED) ગુરુવારે કાર્યવાહી કરી છે, જેના કારણે ભારતીય ટીમના પૂર્વ ક્રિકેટરો સુરેશ રૈના અને શિખર ધવનની મુશ્કેલીઓમાં વધારો થયો છે. ED એ આ બંનેની કુલ ૧૧.૧૪ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, 1xBet સટ્ટાબાજીની સાઈટ સામેના મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (PMLA) હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે. આ વચગાળાના આદેશમાં, શિખર ધવનની ૪.૫ કરોડ રૂપિયાની સ્થાવર મિલકત અને સુરેશ રૈનાના ૬.૬૪ કરોડ રૂપિયાના મ્યુચ્યુઅલ ફંડ્સ જપ્ત કરવાનો આદેશ જાહેર કરાયો છે.

પૂર્વ ક્રિકેટરો સુરેશ રૈના અને શિખર ધવનની EDએ થોડા સમય પહેલાં પૂછપરછ કરી હતી, જેમાં તેમના નિવેદનો પણ નોંધવામાં આવ્યા હતા. હાલમાં, ED ગેરકાયદેસર સટ્ટાબાજીની એપ્સ સંબંધિત ઘણા કેસોની તપાસ કરી રહી છે. એજન્સી માને છે કે આ એપ્સ માત્ર ગેરકાયદેસર નથી, પણ તેનો ઉપયોગ મોટા પાયે મની લોન્ડરિંગની ગતિવિધિઓ માટે પણ થાય છે. આ એપ્સ પર લાખો લોકોને કરોડો રૂપિયાની છેતરપિંડી કરવાનો અથવા તો મોટી ટેક્સ ચોરી કરવાનો ગંભીર આરોપ છે. આ મામલે, ED એ ખાસ કરીને તે જાહેરાતો પર ધ્યાન કેન્દ્રિત કરીને કાર્યવાહી ઝડપી બનાવી છે જેમાં ફિલ્મ સ્ટાર્સ અને ક્રિકેટરોએ ભાગ લીધો છે. પરિણામે, ક્રિકેટરો અને ફિલ્મ હસ્તીઓની આ સમગ્ર પ્રકરણમાં શું ભૂમિકા હતી, તેની તપાસ પણ હવે આગળ વધી રહી છે.

EDની તપાસમાં જાણવા મળ્યું કે આ બંને પૂર્વ ક્રિકેટરોએ ૧ટમીં અને તેના પ્રતિનિધિઓનો પ્રચાર કરવા માટે વિદેશી સંસ્થાઓ સાથે જાણી જોઈને સમર્થન (Endorsement) કરારો કર્યા હતા. આ તપાસના ભાગરૂપે, ઈઢએ માત્ર આ બે ક્રિકેટરો જ નહીં, પરંતુ યુવરાજ સિંહ અને રોબિન ઉથપ્પા જેવા અન્ય પૂર્વ ક્રિકેટરો, તેમજ અભિનેતા સોનુ સૂદ, ઉર્વશી રૌતેલા, તૃણમૂલ કોંગ્રેસના પૂર્વ સાંસદ મિમી ચક્રવર્તી, અને બંગાળી અભિનેતા અંકુશ હાજરા સહિતની અન્ય હસ્તીઓની પણ પૂછપરછ કરી છે.

## રાતોરાત કરોડપતિ બનવાની લાલચમાં યુવકે ગુમાવ્યા ૨.૧૫ લાખ

(સંપૂર્ણ સમાચાર સેવા)વલસાડ

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના એક ગામના યુવક સાથે લાખો રૂપિયાની છેતરપીંડી થઈ છે. આ યુવકને રાતોરાત કરોડપતિ થવાની લાલચ ભારે પડી હતી. આ યુવકે રાતોરાત કરોડપતિ બનવા માટે એક તાંત્રિકને વિધિ કરવા માટે ૨.૧૫ લાખ રૂપિયા આપ્યા હતા. જે લઈને તાંત્રિક ફરાર થઈ ગયો હતો. આ મામલે ફરિયાદ નોંધાતા પારડી પોલીસે ઠગ ભુવાને ગણતરીની કલાકોમાં જ ઝડપી લીધો હતો.વલસાડના પારડીના પરીયા ગામમાં રહીને ગેરેજ ચલાવતા એક યુવક સાથે અન્ય એક યુવકે છેતરપિંડી કરી હોવાની ઘટના સામે આવી છે. આ યુવકના એક સગાએ અનવર ઠેબા નામના વ્યક્તિ સાથે મુલાકાત કરાવી હતી. અનવરભાઈએ પોતે તાંત્રિક વિદ્યામાં નિષ્ણાત હોવાનું જણાવી યુવક ને રૂપિયા ૧૧ લાખના બદલે રૂપિયા ૫ કરોડ બનાવી આપવાની લોભામણી લાલચ આપી હતી.

રાતોરાત કરોડપતિ થવાની લાલચમાં આવેલા યુવક પાસેથી તાંત્રિક અનવરે ૨.૧૫ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી હતી. આ અંગે યુવકે પારડી પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવી હતી. જે બાદ પારડી પોલીસ દ્વારા ગણતરીની કલાકોમાં જ ઠગ તાંત્રિક અનવરની મોરબીથી ધરપકડ કરી લેવામાં આવી હતી.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, આ ઠગ તાંત્રિક અનવર દ્વારા ફરિયાદી યુવકનો વિશ્વાસ કેળવવા માટે એક વિધિ દરમિયાન પાણીની ટાંકીમાં શેમ્પુ અને પાવડર નાખી ફીણ બનાવવામાં આવ્યું હતું. જે બાદ તેમાં કાગળના બંડલો નાંખ્યા અને પછી તેમાંથી રૂપિયા ૨૦ અને ૫૦૦ની અસલી નોટોના બંડલ બહાર કાઢી બતાવ્યા હતા. જે જોઈને યુવકે તેના પર વિશ્વાસ કરી લીધો હતો. જે બાદ આ યુવકે સમયાંતરે રોકડ અને ગુગલ-પેના માધ્યમથી કુલ ૨.૧૫ લાખ રૂપિયા તાંત્રિક અનવરને આપ્યા હતા.

રૂપિયાના બદલામાં અનવરે પીડિત યુવકને એક કોથળી આપી હતી. જેમાં તેને રૂપિયા ૫૦૦ની નોટોના બંડલો હોવાનુ જણાવ્યું હતું. આ કોથળી આપી તેણે તેને બીજા દિવસે ખોલવા માટે કહ્યું હતું. જ્યારે બીજા દિવસે યુવકે આ કોથળી ખોલી, તો તેમાંથી માત્ર તેમાં પહેલી અને છેલ્લી નોટ અસલી અને વચ્ચેની નોટ નકલી હતી. જ્યારે બાકીના તમામ બંડલો પર 'ભારતીય મનોરંજન બેંક' લખેલું હતું.

## અમદાવાદ એરપોર્ટ પર ૨૦૨૫માં મુસાફરોની દૈનિક મુવમેન્ટ ૩૬ હજારથી વધુ થઈ: એર ટ્રાફિક મુવમેન્ટમાં પણ વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ એરપોર્ટ પર ૨૦૨૫ના વર્ષમાં મુસાફરોની સંખ્યામાં વધારો થયો છે. એરપોર્ટ પર મુસાફરોનો ઘસારો સતત વધી રહ્યો છે. વર્ષ ૨૦૨૫માં એરપોર્ટ પર મુસાફરોનો ટ્રાફિક ૧૦૧૩૩ની દૈનિક મુવમેન્ટથી વધીને ૩૬૫૦૦થી વધુ નોંધાયો છે. આ ઉપરાંત એર ક્રાફ્ટ ટ્રાફિક મુવમેન્ટમાં ૧૧૭થી ૨૮૪ પ્રતિ દિવસનો વધારો થયો છે.

અમદાવાદ એરપોર્ટનું ટર્મિનલ-૧, ટ્રિપલ સીટિંગ ક્ષમતા, વધારાના બોર્ડિંગ ગેટ, ૩૬ ચેક-ઈન કાઉન્ટર અને નવા ડિજી યાત્રા-સક્ષમ ઈ-ગેટ્સ સાથે ૩૯,૦૦૦ ચોરસ મીટર સુધી વિસ્તર્યું છે. ટર્મિનલ ૨, હવે એક સંકલિત સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય હબ છે, જે ૧૨ બોર્ડિંગ ગેટ, વિસ્તૃત ઈમિગ્રેશન અને સુરક્ષા ક્ષેત્રો અને સમર્પિત પ્રાર્થના, બાળ સંભાળ અને ટ્રાન્સફર સુવિધાઓ સાથે ૪૯,૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલું છે. વિશિષ્ટ ચાર્ટર ફ્લાઈટ કામગીરી માટે ૪૦૦ ચોરસ મીટરના વિસ્તારમાં ફેલાયેલું એક નવું જનરલ એવિએશન ટર્મિનલ રજૂ કરવામાં આવ્યું છે.વાર્ષિક ૨૦૦,૦૦૦ મેટ્રિક ટન સુધીના માલનું સંચાલન કરવા માટે એક અત્યાધુનિક ઈન્ટિગ્રેટેડ કાર્ગો ટર્મિનલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે.ચાર્ટર ટ્રાફિક માટે આધુનિક જનરલ એવિએશન ટર્મિનલ પણ રજૂ કરવામાં આવ્યું છે. AIAL એ ઓટોમેટેડ બેગેજ સિસ્ટમ્સ, સફાઈ રોબોટ્સ અને ડિજી યાત્રા ઈકોસિસ્ટમ રજૂ કરી નવા બોર્ડિંગ પાસ તરીકે ચહેરાની ઓળખનો ઉપયોગ કરે છે. અમદાવાદ એરપોર્ટે ૧૦ મિલિયન સલામત કાર્ય કલાકો હાંસલ કર્યા છે. તેમાં ટકાઉપણાં તરફ નોંધપાત્ર પગલાં લીધાં છે.ગ્રીન પાવર તરફ સ્વિચ કરવું, ગંદા પાણીને રિસાયક્લિંગ કરવું અને તેના મોટાભાગના વાહનોને ઈલેક્ટ્રિકમાં રૂપાંતરિત કરવા જેવી બાબતો અપનાવવામાં આવી છે.એરપોર્ટે પાંચ વર્ષમાં ૩૦ થી વધુ પુરસ્કારો સાથે માન્યતા પ્રાપ્ત કરી છે, જેમાં ACI લેવલ ૪ સર્ટિફિકેશન, બ્રિટિશ કાઉન્સિલ સેફ્ટી ૫-સ્ટાર રેટિંગ અને CII ના ઝીરો વેસ્ટ ટુ લેન્ડફિલ પ્લેટિનમ સર્ટિફિકેશનનો સમાવેશ થાય છે, AIAL એ ઓપરેશનલ શ્રેષ્ઠતા, ટકાઉપણું અને મુસાફરોના આનંદમાં બેન્ચમાર્ક વધારવાનું ચાલુ રાખ્યું છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

### કોંગ્રેસની ૧૦૦ ટકા વળતરની મોટી જાહેરાત : ખેડુતોના દેવા માફી અને અત્યાચારોનો અંત

# ગુજરાતના ખેડુતોના અવાજને મજબુત કરશે કોંગ્રેસની ખેડુત આક્રોશ યાત્રા : સોમનાથથી શરૂ થયેલી યાત્રા ૯૦૦ કિ.મી. નો પ્રવાસ કરશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજયમાં કમોસમી વરસાદે રાજકીય વાતાવરણને પણ ગરમ કરી દીધુ છે. પાછલા ઘણા સમયથી સુષુપ્ત અવસ્થામાં રહેલી કોંગ્રેસ પણ રાહુલ ગાંધીની ગુજરાત મુલાકાતો અને અમિત ચાવડાની આગેવાની પછી સ્પાઈડરમેન કરતા પણ વધારે એકટીવ થઈ ગઈ છે. તેવામાં રાજયમાં કમોસમી વરસાદને લઈને ખેડુતોને થયેલા નુકશાનીનુ વળતર આપવા માટે વિપક્ષના રૂપમાં આક્રમક વિરોધ પ્રદર્શન કરી રહી છે. કોંગ્રેસ દ્વારા ખેડુતોના મુદ્દાઓ ઉઠાવવા માટે આક્રોશ રેલી આજે ગુરૂવારથી શરૂ થઈ છે. જેમાં ગુજરાત કોંગ્રેસે મોટી જાહેરાત પણ કરી દીધી છે . કોંગ્રેસે જાહેરાત કરતા કહ્યુ હતુ કે જો અમારી સરકાર બનશે તો ખેડુતોનુ સંપૂર્ણ દેવુ માફ કરવામાં આવશે. ગુજરાતના ખેડુત વર્ગની વિકટ સમસ્યાઓને લઈને કોંગ્રેસ પાર્ટીએ આજે ગુરૂવારે સોમનાથ થી ખેડુત આક્રોશ યાત્રાની શરૂઆત કરી છે. આ યાત્રા ટેકટર પર કાઢવામાં આવી હતી. જેમાં ખેડુતો અને વિવિધ અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. પાક નુકશાની માટે વિશેષ પેકેજ, દેવા માફી, ખોટી જમીન માપણી રદ કરવા અને ગુણવત્તાયુકત બિયારણની માંગ જેવા મુદ્દાઓ ઉઠાવીને આ યાત્રા ૧૩ નવેમ્બર સુધી ચાલશે. યાત્રાની શરૂઆત પહેલા સોમનાથ મંદિર પટાંગણ પરીસરમાં કોંગ્રેસે એક વિશાળ સભા યોજી હતી. જેમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સહિત અનેક વરીષ્ઠ નેતાઓ અને હજારો ખેડુતો તેમજ મજુરો ઉપસ્થિત રહ્યા હતા. સભામાં કોંગ્રેસ નેતાઓએ ખેડુતો માટે જાહેરાત કરતા કહ્યુ હતુ કે જો કોંગ્રેસ સત્તામાં આવશે તો ખેડુતો, સાગરપુત્રો અને મજુરોને નુકશાનનુ ૧૦૦ ટકા વળતર આપવામાં આવશે, તે ઉપરાંત કોંગ્રેસ નેતા વિમલ ચુડાસમાએ કહ્યુ હતુ કે જો ખેડુતોને ૧૦૦ ટકા વળતર ન આપવામાં આવે તો તેઓ તેમનો ૨૪ મહિનાનો પગાર આપશે.

આ યાત્રા ગીર સોમનાથ જિલ્લાના સોમનાથ થી શરૂ થઈને સૌરાષ્ટ્રના ૧૦ જિલ્લાઓમાંથી પસાર થઈ ૯૦૦ કિ.મી. નો પ્રવાસ કરશે. કોંગ્રેસ નેતા પાલ આંબલીયાએ સભામાં જણાવ્યુ હતુ કે જમીન સંપાદનના નામે ખેડુતો પર થતા અત્યાચારો તાત્કાલીક બંધ કરવા જોઈએ, તેઓએ કહ્યુ હતુ કે ખેડુતોના હક્કોનુ રક્ષણ કરવુ જરૂરી છે અને




સરકારે તેમની માંગણીઓને તાત્કાલીક પુર્ણ કરવી જોઈએ. આ યાત્રા દ્વારા કોંગ્રેસ પાર્ટી ગુજરાતના ખેડુત વર્ગને એક સુત્રે બાંધવાનો પ્રયાસ કરી રહી છે. જેમાં કમોસમી વરસાદથી થયેલા પાક નુકશાનીનુ વળતર, દેવા માફી અને જમીન માપણીની સમસ્યાઓ જેવા મુદ્દાઓ પર ભાર મુકવામાં આવ્યો હતો. ખેડુત આક્રોશ રેલીમાં ટ્રેકટરો ઉપર બેઠેલા ખેડુતોના જુથોની હાજરીએ આ વિચારધારાને વધુ મજબુત બનાવી છે. આ યાત્રા દરમિયાન વધુ માંગણીઓ ઉઠી શકે છે. જે રાજય સરકાર માટે પડકારરૂપ બની શકે છે, ઉલ્લેખનીય છે કે કમોસમી વરસાદના કારણે રાજયના ખેડુતોને ભારે નુકશાન થયુ છે આ નુકશાનીના કારણે અત્યાર સુધીમાં બે ખેડુતો આત્મહત્યા પણ કરી ચુકયા છે. તેથી કોંગ્રેસ ખેડુતોને યોગ્ય વળતર આપવા બાબતે મેદાનમાં ઉતરી છે. તો બીજી તરફ સરકાર પાછલા બે દિવસથી ખેડુતો માટે ઐતિહાસિક પેકેજ જાહેર કરવામાં આવશે તેવી જાહેરાત કરી રહી છે તેથી ખેડુતોમાં પણ આતુરતા જોવા મળી રહી છે. પરંતુ ખેડુતોને સરકાર તરફથી રાહ જોવડાવવામાં આવી રહી છે. તેથી કોંગ્રેસ ખેડુતોના અન્ય મુદ્દાઓને આવરીને આક્રોશ રેલી કાઢવામાં આવી છે. જે સોમનાથથી દ્વારકા સુધીની ૯૦૦ કિ.મી. સુધીની રહેશે. જેમાં લાખોની સંખ્યામાં ખેડુતો સાથે સંવાદ કરીને તેમની સમસ્યાઓને જાણવાની કોશિષ કરવામાં આવશે. આ સમસ્યાઓને જાણીને તેમનો ઉકેલ કાઢવા માટે કોંગ્રેસ મેદાનમાં ઉતરશે આ દરમિયાન કોંગ્રેસે ખેડુતોને વિશ્વાસ અપાવ્યો છે કે જો કોંગ્રેસની સરકાર આવશે તો ૧૦૦ ટકા દેવા માફી કરવામાં આવશે.

# ૨૦૦૨ના કોમી તોફાનોના કેસમાં વિડીયો ગ્રાફર ફરી જતા એકે-૪૭ના કેસમાં અમદાવાદની કોર્ટે ૨૩ વરસ બાદ ૩ આરોપીઓને નિર્દોષ છોડયા

### વિડીયોગ્રાફરે વિડીયો રેકોર્ડિંગ હોવાનો દાવા સાથે કરેલી ફરીયાદના આધારે ૩ આરોપીઓ સામે ગુન્હો દાખલ કરાયો હતો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના ૨૦૦૨ ના કોમી રમખાણો દરમિયાન એકે-૪૭ હથિયાર રાખવાના ૨૩ વરસ જુના કેસમાં અમદાવાદની કોર્ટે ૩ આરોપીઓને નિર્દોષ છોડી મુકયા છે. આ કેસની શરૂઆત એક વિડીયો ગ્રાફર દ્વારા કરવામાં આવેલી ફરીયાદથી થઈ હતી જેમાં તેણે રમખાણો દરમિયાન આરોપીઓ હથિયાર સાથે દેખાતા હોવાનો દાવો કર્યો હતો. પરંતુ અંતે તે વિડીયો કયારેય કોર્ટમાં રજુ થયો નહી અને વિડીયોગ્રાફર નિવેદનમાંથી ફરી જતા આરોપીઓ છુટી ગયા છે.

આ કેસની વિગત એવી છે કે દરીયાપુર પોલીસ સ્ટેશનમાં ૧૪ એપ્રિલ ૨૦૦૨ ના રમખાણોને લઈને ૨ એફઆઈઆર દાખલ થઈ



હતી. સ્થાનિક શાંતિ સમિતિના સભ્ય એવા સતિષ દલવાડીને તે સમયે દરીયાપુરના પોલીસ ઈન્સ્પેકટર આર એચ રાઠોડને રમખાણોના દ્રશ્યો રેકોર્ડ કરવાનુ જણાવ્યુ હતું. દલવાડીએ પોલીસને એક વીએચએસ કેસેટ આપી હતી જેમાં આરોપી આલમગીર શેખ, હનીફ શેખ, ઈમ્તિયાઝ શેખ, રઉફમીયા સયૈદ અને અન્ય લોકો હિંસામાં સામેલ હોવાનુ દેખાતા હોવાનો દાવો કર્યો હતો. પોલીસે તપાસ બાદ ચાર્જશીટ દાખલ કરી જેમાં જણાવ્યુ હતુ કે ઈમ્તિયાઝ શેખને ઓટોમેટીક ફાયર આર્મ જેવી એકે ૪૭ જેવી ગન સાથે અને અન્ય એક અજાણ્યા વ્યકિતને રીવોલ્વર સાથે હિંદુ સમુદાયના કેટલાક સભ્યોને નિશાન બનાવતા જોવામાં આવ્યા હતા. આ આધારે આરોપીઓ વિરૂધ્ધ હથિયાર અધિનિયમની કલમ હેઠળ આરોપ મુકવામાં આવ્યો હતો. ૨૩ વરસના લાંબા સમયગાળા દરમિયાન એક આરોપી હનીફ શેખનુ અવસાન થયુ હતુ અને કેટલાક સાક્ષીઓ સહિત તપાસ અધિકારીનુ પણ નિધન થયુ હતુ. ન્યાયીક કાર્યવાહી દરમિયાન અનેક પંચ સાક્ષીઓ ફરી ગયા, એક સાક્ષીએ અદાલતમાં જણાવ્યુ કે તેની સહી ત્યારે લેવાઈ જયારે તે રેસ્ટોરન્ટમાં ચા પી રહ્યો હતો. ફરીયાદી અને વિડીયોગ્રાફર સતીષ દલવાડી પોતે પણ ફેરવી તોળ્યુ હતું અને કોર્ટમાં કહ્યુ કે તેમને યાદ નથી કે તેમણે શું રેકોર્ડ કર્યુ હતું, તે સમયે ડયુટી પર રહેલા પોલીસ સબ ઈન્સ્પેકટર એચ એચ ચૌહાણે પણ પ્રોસીકયુશનના પક્ષમાં સાક્ષી આપવાનો ઈન્કાર કર્યો હતો. કોર્ટે પોતાના ચુકાદામાં જણાવ્યુ કે આ કેસની કાર્યવાહી દરમિયાન વિડીયો કેસેટ અદાલતમાં રજુ કરવામાં આવી નથી. ફરીયાદીનો ૧૫ જુલાઈ ૨૦૦૨ નો અહેવાલ છે કે કેસેટ કોર્ટમાં સોંપવામાં આવી હતી પરંતુ રીપોર્ટ નંબર ૦૮ મુજબ જે કર્મચારીએ કેસેટ સોંપી હતી તેનુ અવસાન થઈ ગયુ છે અને પ્રયાસો કર્યા છતાં વિડીયો કેસેટ મળી નથી, કોર્ટે વધુમાં કહ્યુ કે આ કેસમાં કોઈ હથિયાર પણ મળી આવ્યુ નથી અને કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો પણ રજુ થયો નથી કે આરોપીઓ પાસે રમખાણોના સમયે હથિયાર હતા.

# ગુજરાત બીજુ યુપી બિહાર બનવા જઈ રહ્યુ છે ? નવસારીમાં યુવકનુ પોલીસે કર્યુ એન્કાઉન્ટર: પગમાં ગોળી મારી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સુરત શહેરના ડીંડોલી, લીંબાયત અને ભેસ્તાન જેવા વિસ્તારોમાં આતંકનો પર્યાય બનેલા માથાભારે ગુન્હેગાર સલમાન લસ્સી ને આખરે ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડયો છે. તો બીજી તરફ ગુજરાત હવે ધીરે ધીરે જાણે બિહાર અને યુપી બનવા જઈ રહ્યુ હોય તેવુ ગુજરાતની પ્રજા અનુભવી રહી છે.

નવસારીના ડાભેલ ગામમાં છુપાયેલા લસ્સી ને પકડવા ગયેલી પોલીસ ટીમ પર તેણે જીવલેણ હુમલો કર્યો હતો જેના જવાબમાં પોલીસે સ્વબચાવમાં ફાયરીંગ કરતા તે ઘાયલ થયો હતો.

પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ સલમાન લસ્સી વિરૂધ્ધ હત્યા, હત્યાની કોશિશ, ખંડણી અને મારામારી સહિતના ૧૫ જેટલા ગંભીર ગુન્હાઓ નોંધાયેલા હતા અને તે લાંબા સમયથી વોન્ટેડ હતો તે ભેસ્તાન ભીડીં બજાર ખાતે થયેલી સકીલ નામના યુવકની હત્યાના કેસમાં પણ મુખ્ય આરોપી હતો. ક્રાઈમ બ્રાન્ચને ચોકકસ બાતમી મળી હતી કે સલમાન લસ્સી નવસારીના ડાભેલ ગામના આશિયાના મહોલ્લામાં સંતાઈને રહેતો હતો, આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચના ૨૫ થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓની ૫ ટીમોએ આજે ગુરૂવારે વહેલી સવારે ૩ વાગે ડાભેલ ગામમાં ઓપરેશન હાથ ધર્યુ હતું. પોલીસ ટીમે સલમાન લસ્સીના છુપાવવાના સ્થળને કોર્ડન કરી લીધુ હતુ જયારે ટીમે તેને પકડવાનો પ્રયાસ કર્યો ત્યારે સલમાન લસ્સી એ ધરપકડથી બચવા માટે પીઆઈ શોઢા પર ચપ્પુ વડે હુમલો કરી દીધો હતો. આ અચાનક હુમલાના જવાબમાં પીઆઈ સોઢાએ પોતાના સ્વ બચાવ માટે તાત્કાલીક ફાયરીંગ કર્યુ હતું. આ ફાયરીંગમાં ગોળી સલમાન લસ્સીના પગના હાડકાને સ્પર્શ કરીને આર પાર નિકળી ગઈ હતી જેના કારણે તેને પગમાં ફેકચર થયુ છે. ઈજાગ્રસ્ત સલમાનને તાત્કાલીક સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો છે. જયાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ક્રાઈમ બ્રાન્ચે બે થી ત્રણ કલાકની મહામહેનત બાદ સલમાન લસ્સી ને ઝડપી લીધો હતો. ક્રાઈમ બ્રાન્ચે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

# અંકલેશ્વર શહેર ભાજપ દ્વારા સ્નેહમિલન સમારોહ યોજાયો: રાજયમંત્રી ઈશ્વરભાઈ પટેલનુ અભિવાદન કરાયું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર શહેર ભાજપ દ્વારા રાજય કક્ષાના મંત્રી ઈશ્વરભાઈ પટેલની અધ્યક્ષતા હેઠળ શારદાભવન ટાઉન હોલ ખાતે નુતનવર્ષ સ્નેહમિલન સમારોહનુ આયોજન કરવામાં આવ્યુ હતું. નુતનવર્ષ સ્નેહમિલન એટલે ભાજપ પરીવાર સાથે નવા વર્ષની શુભેચ્છાઓનુ આદાન પ્રદાન કરવાના અમુલ્ય અવસર તેમજ આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન અંતર્ગત અંકલેશ્વર શહેર ભાજપ દ્વારા અંકલેશ્વરના ધારાસભ્ય અને રાજયકક્ષાના મંત્રી ઈશ્વરભાઈ પટેલની અધ્યક્ષતા હેઠળ નુતનવર્ષ સ્નેહમિલન સમારોહનુ શારદાભવન ટાઉન હોલ ખાતે આયોજન કરવામાં આવ્યુ હતું. આ સમારોહમાં અંકલેશ્વર નગરપાલિકાના સદસ્યો, વિવિધ સમાજના આગેવાનો , સામાજિક સંસ્થાના આગેવાનોએ રાજયમંત્રી ઈશ્વરભાઈ પટેલનુ અભિવાદન કર્યુ હતું. આ પ્રસંગે ભરૂચ જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ મારૂતિસિંહ અટોદરીયા, અંકલેશ્વર શહેર ભાજપ પ્રમુખ ધર્મેન્દ્ર પુષ્કરણા, અંકલેશ્વર નગરપાલિકા પ્રમુખ લલીતા રાજ પુરોહિત , કારોબારી અધ્યક્ષ નિલેશ પટેલ સહિતના ભાજપના આગેવાનો, કાર્યકરો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ વેળાએ રાજયમંત્રી ઈશ્વરભાઈ પટેલે ઉપસ્થિત નગરજનોને નુતનવર્ષની શુભેચ્છા પાઠવી હતી.




AHMEDABAD MUNICIPAL CORPORATION
ELECTRICAL DEPARTMENT
E-Tender Notice

Telephone operating contract for 2 years at Telephone exchange room, Sardar Patel Bhavan B Block building, Danapith, AMC.

| | |
|---|---|
| Last date of online tender Submission | Dt:-26/11/2025 upto 18:00 Hrs. |
| Last date of tender Submission (Hard Copy) | Dt:-27/11/2025 upto 16:00 Hrs. |
| Details & Tender available on | tender.nprocure.com |




# શિક્ષણની ગુણવત્તા માટે મહા-પરીક્ષણ: ગુજરાતના ૪૦ લાખ બાળકોના લર્નીંગ લેવલની આજે ગુરૂવારથી ચકાસણી શરૂ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધો. ૩ થી ૮ ના બાળકો વાંચન, લેખન અને ગણનમાં પાછળ ન રહે તે માટે સરકાર દ્વારા ધો. ૩ થી ૮ ના ૪૦ લાખ થી વધુ બાળકોના અભ્યાસની ચકાસણી કરીને મિશન મોડમાં શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત આજે તા. ૬ નવેમ્બર ગુરૂવારથી રાજયની તમામ સ્કુલોમાં સીઆરસી, બીઆરસી તેમજ ટીપીઈઓ તેમજ ડાયેટ કોલેજોના લેકચર્સ વર્ગખંડોમાં મુલાકાત લેશે અને વાંચન લેખન અને ગણનની કામગીરીનુ મોનીટરીંગ કરશે. સરકારી પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકોમાં અનેક બાળકોને હજુ પણ વાંચતા, લખતા કે ધો. ૩ સુધીના દાખલા ગણતા પણ નથી આવડતુ, જેના કારણે પ્રાથમિક શિક્ષણમાં હજુ પણ રાજય કેટલાક રાજયોથી પાછળ છે. ત્યારે રાજય સરકારે હવે ધો. ૩ થી ૮ ના સરકારી / ગ્રાન્ટેડ સ્કુલોના બાળકોના અભ્યાસની ચકાસણીને મિશન મોડમાં શરૂ કરવાનુ નકકી કર્યુ છે. જે અંતર્ગત જીસીઈઆરટી દ્વારા તમામ જિલ્લાના પ્રાથમિક શિક્ષણાધિકારીઓ તેમજ વિવિધ શહેરોની કોર્પોરેશન સ્કુલોના સાશનાધિકારીઓ અને રાજયની તમામ જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ડાયેટ કોલેજોને પરીપત્ર મોકલીને ધો. ૩ થી ૮ માં બાળકોના વાંચન, લેખન અને ગણન સુધારણા માટેની કામગીરી મિશન મોડમાં શરૂ કરવાનો આદેશ કર્યો છે. સરકારે આજે તારીખ ૬ નવેમ્બર થી ૧૪ નવેમ્બર સુધી એક સપ્તાહ માટે તમામ સ્કુલોમાં ધો. ૩ થી ૮ માં મોનીટરીંગ માટેનો આદેશ આપ્યો છે. ધો. ૩ થી ૮ ના તમામ શિક્ષકોએ પોતાના ધોરણ અને વિષય અનુરૂપ કામગીરી મિશન મોડમાં કરવાની રહેશે. આ અભિયાન અંતર્ગત શાળાના નિયત સમય પત્રક મુજબ જે તે વર્ગ શિક્ષક દ્વારા જે તે ધોરણ / વિષય અંતર્ગત મુખ વાંચન, વાચન અર્થગ્રહણ તેમજ સ્વતંત્ર લેખન અને ગણનની કામગીરી કરવાની રહેશે. આ સમયગાળા દરમિયાન બાલવાટીકા અને ધો. ૧ થી ૨ માં સમગ્ર શિક્ષા દ્વારા અપાયેલ સુચના મુજબ નિપૂર્ણ પખવાડીયાની કામગીરી કરવાની રહેશે. ધો. ૩ થી ૮ માં દરેક વિદ્યાર્થી પાસે વાંચન, લેખન અને ગણન અંતર્ગત એક અલગ નોટબુક નિભાવવાની રહેશે. આ સમયગાળા દરમિયાન તમામ સીઆરસી / બીઆરસી કો. ઓડીનેટરો તેમજ બ્લોક રીસોર્સ પર્સન, કેળવણી નિરીક્ષકો, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તેમજ ડાયેટ લેકચર્સ દ્વારા નિયમિત રીતે સ્કુલ અને



વર્ગખંડની મુલાકાત લઈને વર્ગોમાં થઈ રહેલ વાંચન, લેખન અને ગણનની કામગીરીની મુલ્યાંકન તેમજ મોનીટરીંગ કરવાનુ રહેશે.

દરેક સીઆરસીએ વર્ગ ખંડ અવલોકન કરવાનુ રહેશે, રાજય કક્ષાએ પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી તેમજ સમગ્ર શિક્ષા અને જીસીઈઆરટીના અધિકારીઓ તેમજ કર્મચારીઓ દ્વારા પણ સ્કુલોમાં ઓચિંતી મુલાકાત લેવાશે. વર્ગ શિક્ષકોએ બાળકો અપેક્ષિત સ્તર સુધી ન પહોચી શકયા હોય તો તેવા બાળકોની ઓળખ કરવાની રહેશે અને ૧૪ નવેમ્બર બાદ પણ સતત આ બાળકો પર વિશેષ ધ્યાન આપવાનુ રહેશે. જયારે આગામી ફેબ્રુઆરી ૨૦૨૬ માં ધો. ૩ થી ૮ ના તમામ બાળકોનુ વાંચન, લેખન અને ગણનનુ બાહ્ય મુલ્યાંકન કરાશે. ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન તમામ સરકારી / ગ્રાન્ટેડ સ્કુલોમાં ધો. ૩ થી ૮ ના બાળકોનુ બાહ્ય મૂલ્યાંકન કરાશે. જે દરમિયાન બાળકો પોતાના ધોરણ મુજબના અપેક્ષિત સ્તરનુ વાંચન, લેખન અને ગણનનુ કાર્ય ન કરી શકે તેમ હોય એટલે કે તેમને પુરતુ વાંચતા, લખતા ન આવડતુ હોય તો સંબંધિતોની જવાબદારી નકકી કરવામાં આવશે. જીસીઈઆરટી દ્વારા કરાયેલા પરીપત્રમાં આ રીતે ગર્ભીત ચીમકી આપીને આ બાબતની ગંભીર નોંધ લેવા સુચના અપાઈ છે. પરંતુ કોને જવાબદાર ઠેરવાશે, વર્ગ શિક્ષક, આચાર્ય, ટીપીઈઓ, ડીપીઈઓ કે સરકારના શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓને ? આ વિશે કોઈ માહિતી આપવામાં આવી નથી.

# શા માટે ગુજરાતના ખેડુતો પાક વિમાથી વંચિત રહ્યા છે? :શકિતસિંહ ગોહીલ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં કમોસમી વરસાદથી સંપૂર્ણ પાકના નાશ થી પાયમાલ થયેલ ખેડુતોની સંવેદના સાથે સુર પુરાવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ, સાંસદ શકિતસિંહ ગોહિલે માંગ કરી છે કે ગુજરાતના ખેડુતોનુ જેટલુ વાવેતર છે તેટલુ તેમને વળતર સરકાર આપે, ગુજરાત રાજયમાં ૨૦20 થી પાક વિમાની યોજના બંધ કરી દેવામાં આવી છે. જો યોજના કાર્યરત હોત તો ગુજરાતના લાખો ખેડુતોને આર્થિક વિનાશ થી બચાવી શકયા હોત, ગુજરાત રાજય સિવાય અન્ય દરેક રાજયમાં પાક વિમાની યોજના કાર્યરત છે. તો ગુજરાત રાજયના ખેડુતોનો શું વાંક છે ? ગુજરાત રાજયમાં ખેડુતોની કફોડી સ્થિતિ છે, શકિતસિંહ ગોહિલે અપીલ કરી



હતી કે પક્ષ ખેડુતો ઘર પરીવારને ધ્યાનમાં રાખીને આત્મહત્યા જેવુ અંતિમ પગલુ ન લેવા વિનંતી કરીએ છીએ.

ગુજરાત રાજયમાં જગતના તાત ખેડુતો ઉપર આફત આવી પડી હોય ત્યારે સરકાર દ્વારા સરવે ના નામે ખેડુતોને કનડકટ ઉભી કરવામાં આવી રહી છે. ખેડુતો દ્વારા સરવે પ્રક્રિયામાં અનેક ફરીયાદો ઉઠી છે ત્યારે સરકારે સરવે ના નાટક બંધ કરીને જેટલુ ખેડુતનુ વાવેતર હોય તેટલુ તેમને વળતર આપવુ જોઈએ. વર્ષ ૨૦૧૪ માં લોકસભાની ચુંટણી પ્રચારમાં હાલના પ્રધાનમંત્રીએ જાહેરાત કરી હતી કે સરકાર બનતા જ પહેલી જાહેરાત ખેડુતોના દેવા માફીની થશે તે ૧૧ વરસ પુર્ણ થયા બાદ થઈ નથી, જયારે ગુજરાતના ખેડુતો ભારે આફતમાં હોય, ત્યારે ડબલ એન્જીનની સરકાર ૫ ટ્રીલીયનની સરકારને દેવા માફી કરતા કોણ રોકી રહ્યુ છે ? જો ભાજપ સરકાર દેશના ઉદ્યોગપતિઓના ૨૧ લાખ કરોડના દેવા માફ કરી શકતી હોય, દેશથી ભાગનારા ઉદ્યોગપતિના દેવા માફ કરી શકતી હોય તો ગુજરાતના ખેડુતોના કેમ નહી ?

શકિતસિંહ ગોહિલે માંગ કરી છે કે તાત્કાલીક ગુજરાતના ખેડુતોના દેવા માફ કરી દેવા જોઈએ, કોંગ્રેસની કર્ણાટક અને તેલંગણાની સરકાર જો ખેડુતોના ખાતામાં સીધા એકર દીઠ ૧૬ હજાર અને ૧૮ હજાર આપી શકતી હોય તો ગુજરાતના ખેડુતોના દેવા માફ થવા જોઈએ અને વાવેતર જેટલુ વળતર ચુકવી દેવુ જોઈએ.

ગુજરાત રાજયના ખેડુતો સાથે પશુપાલકો પીડા અને તકલીફમાં છે. પશુધન માટે ઘાસચારો જે મગફળી અને સોયાબીનના પાંદડાઓમાંથી મળતો તે નાશ થઈ ચુકયો છે. પશુધન માટે ઘાસચારાની અછત ઉભી થઈ છે, ત્યારે ભુતકાળની કોંગ્રેસની સરકાર દક્ષિણ ભારતથી ટ્રેન દ્વારા વિના મુલ્યે ઘાસચારો ઉપલબ્ધ કરાવતી હતી. સરકાર પશુધન માટે ઘાસચારો તાત્કાલીક ઉપલબ્ધ કરાવવો જોઈએ. ફોરેસ્ટ ના ગોડાઉનમાં ઘાસચારો ઉપલબ્ધ હોય તેને પશુધન માટે આપવાની વ્યવસ્થા કરવી જોઈએ.

# ગુજરાતમાં હજુ ૨૫ વરસ સુધી કોંગ્રેસને સત્તા સુખ નહી મળે :ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા

## કોંગ્રેસ સત્તામાં હતી ત્યારે ગુજરાતની જનતાનુ દુઃખ કયારેય દેખાયુ જ નથીઃ કચ્છમાં પહેલા કોઈ આવવા તૈયાર ન હતુ તે કચ્છની સીકલ આજે બદલાઈ છેઃ પ્રદેશ પ્રમુખ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભાજપના પ્રદેશ પ્રમુખ વિશ્વકર્માએ આજે તેમના પ્રવાસ દરમિયાન જણાવ્યુ હતુ કે આજે અલગ અલગ રાજયોમાંથી કેટલાક લોકો આવે છે ત્યારે મારે તેમને કહેવુ છે કે ગુજરાતમાં આવી ગુજરાતની પ્રજાનો મીજાજ ઓળખો છો, ગુજરાતની શાંતિ ડહોળવાનો પ્રયાસ ન કરતા, ગુજરાતની જનતા બહુરૂપીયા લોકોને સારી રીતે ઓળખે છે, ગુજરાતની જનતાએ તેમને ૨૫ વરસથી સત્તાથી વંચિત રાખ્યા છે અને હજુ આવનાર ૨૫ વરસ સુધી તેમને સત્તા પર નહી આવવા દે તેવો વિશ્વાસ મારી ગુજરાતની જનતા પર છે.

પ્રદેશ મહામંત્રી અને સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યુ હતુ કે આપણા પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માજી આજે પ્રથમ વખત કચ્છ પધાર્યા છે, ત્યારે આપણે તેમનુ સ્વાગત ૧,૫૧,૦૦૦ બુક થી કર્યુ છે. તે બદલ સામાજિક સંસ્થા, કાર્યકર્તાઓનો હ્દયથી આભાર, આપણા પ્રદેશ પ્રમુખ તેમનુ સ્વાગત ફુલહાર થી કે મોંઘી ગીફટોથી નહી પણ બુક અને પુસ્તકોથી સ્વાગત સ્વીકારવાની સંકલ્પના કરી છે, તેનાથી જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને આ બુક અને પુસ્તકથી મદદ મળી રહેશે, આ પ્રણાલીથી આપણને સૌને પ્રેરણા મળે છે કે કોઈ મોટુ બહુમાન નહી પણ બુકોથી સન્માન સ્વીકારી વિદ્યાર્થીઓને મદદ કરીએ, કચ્છમાં ધરતીકંપ સમયે મોટુ દુઃખ આવ્યુ હતુ આજે કચ્છ પ્રવાસન સહિત દરેક ક્ષેત્રે આગળ વધી ગયુ છે. આજે નવી પેઢીને નવુ કચ્છ મળ્યુ છે, તેનો શ્રેય આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબને આપવો પડે, રણોત્સવના



માધ્યમથી લાખો લોકોને રોજગારી મળી રહે છે. આજે કચ્છ ડેરી ક્ષેત્રે મોટુ કામ કરતુ થયુ અને અંદાજે ૧ લાખ પરીવારને રોજગારી મળે છે.

કચ્છ ખાતે ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ માં આશાપુરા ના દર્શન કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા પ્રમુખ દેવજીભાઈ વરચંદ, યાત્રના ઈન્ચાર્જ ડો. ઋત્વિજ પટેલ, ધવલભાઈ દવે અને સંદિપ દેસાઈ સહિત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાના ખેડુત પરીવારને મળવા પહોચ્યા ઈસુદાન ગઢવી : મૃતક ખેડુત ના પરીવારને શકય તેટલી મદદ કરવા કરી અપીલ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં હાલ ખેડુતોના મુદ્દે રાજકારણ ગરમાયુ છે અને હવે આ જ મામલે આમ આદમી પાર્ટી પણ સતત એકટીવ જોવા મળી રહી છે, આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી જુનાગઢ જિલ્લાના ઉના તાલુકાના રેવત ગામે આત્મહત્યા કરનાર ખેડુત પરીવારની આજે ગુરૂવારે મુલાકાતે પહોચ્યા હતા. મૃતક ખેડુતના પરીવારને ઈસુદાન ગઢવીના પ્રાર્થના ફાઉન્ડેશન દ્વારા રૂપીયા ૧ હજારની સહાયની જાહેરાત કરવામાં આવી છે, ઉના ના ખેડુત પરીવારની પીડા જોઈને ઈસુદાન ગઢવીએ ત્યાં પણ સહાયની જાહેરાત કરી હતી. ઈસુદાન ગઢવીએ ખેડુત પરીવારને મળ્યા બાદ કહયુ હતુ કે કમોસમી વરસાદ અને દેવાના દબાણમાં દબાઈ જવાના કારણે વધુ એક ખેડુતે આત્મહત્યા કરી, ખેડુતો , મજુરો, શ્રમિકોને અપીલ કોઈએ આત્મહત્યા જેવુ ખરાબ પગલુ ભરવુ નહી, અમે તમારી સાથે છીએ, ખેડુત પરીવાર પર દુઃખનો ડુંગર તુટી પડયો છે, સરકાર ખેડુત પરીવારને તાત્કાલીક ધોરણે સહાય આપે, વધુમાં તેમણે કહ્યુ હતુ કે સરકારે હવે એવી નીતિ બનાવવી જોઈએ જેના કારણે કોઈ ખેડુતને આત્મહત્યા જેવુ પગલુ ન ભરવુ પડે, આજ નહી તો કાલે અમે ગુજરાતના ખેડુતોને સૌથી સમૃધ્ધ ખેડુત બનાવીને જ રહીશુ, અમેરીકા અને ઈઝરાયેલના ખેડુતો આત્મહત્યા નથી કરતા તો ભારતના ખેડુતો કેમ હત્યા કરે છે ? વિદેશોમાં સારી નીતી હોવાના કારણે ખેડુતો પાસે ગાડી બંગલા હોય છે તો આપણે પણ આવી નીતી બનાવવી જોઈએ. સરકાર હવે ખેડુતોને કંઈક આપવાની નિયત રાખવી પડશે , સરકારે ઉદ્યોગપતિઓના ૧૬ લાખ કરોડ માફ કર્યા, એ જ રીતે હવે ખેડુતોનુ દેવુ માફ થશે તો ખેડુતો ૫ વરસ ટકી જશે, મૃતક ખેડુત પરીવારને શકય તેટલી મદદ કરો, ઈસુદાન ગઢવીએ લોકોને અપીલ કરી હતી.

